**ફો.કે.નં.૪૨૭૩૬/૨૦૨૫**

**<u>વડોદરાના ચોથા એડી જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વડોદરા.</u>**

ફરીયાદી– શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપી– ભરવાડ વાઘાભાઇ ખેતાભાઇ

**તહોમત– <u>બી.એન.એસ. કલમ–૨૮૫,૨૯૧ તથા જી.પી.એક્ટની કલમ–૯૦(ક) મુજબ.</u>**

**<u>– ચુકાદો –</u>**

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, ગોત્રી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આ કામના આરોપી પશુ/ઢોર માલીક દ્વારા ગાયોને જાહેર માર્ગ ઉપર રખડતી છુટ્ટી મુકી ઈરાદાપૂર્વકની ગુનાહિત પ્રવૃતિને આચરી અવરજવર કરતા વાહન તથા રાહદારીઓને ગંભીર શારીરિક ઈજાઓ થઈ શકે છે અને તેમાં પશુઓના માલીકો દ્વારા ઈરાદાપૂર્વક ગુનાહિત માનસિકતાથી જાહેર સેવકને તેની ફરજો બજાવવામાં અવરોધ કરેલ છે, ઉપરાંત જાહેર સેવક તથા વ્હીકલને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હાની પહોંચાડવાનું કૃત્ય કરી,**બી.એન.એસ. કલમ–૨૮૫,૨૯૧ તથા જી.પી.એક્ટની કલમ–૯૦(ક)** અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા અંગેનું ચાર્જશીટ, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩(૨) અન્વયે દાખલ કરેલ છે.

**૨.** સદર કામે આરોપીને સમન્સની બજવણી થતાં, આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપીએ હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોઈ આરોપીનું નિવેદન લેતાં, આરોપીએ તેઓના વિરુદ્ધના ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરેલ છે તેમજ કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે તેમજ આ તેઓનો પ્રથમ ગુનો છે અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો, તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સાથે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

**૩.** આજરોજ નેશનલ લોકઅદાલત છે, જેમાં ખાસ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. સદર કામે આરોપી વિરુદ્ધ ગુન્હાનો આક્ષેપ અને આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ વંચાણે લેતાં તથા આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનાની હકીકત ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ રેકર્ડ વંચાણે લેતાં તથા **બી.એન.એસ. કલમ–૨૮૫,૨૯૧ તથા જી.પી.એક્ટની કલમ–૯૦(ક)** માં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેતાં, આરોપીનું એ સ્પષ્ટ કથન છે કે, તેઓનો કોઈ ઈરાદો ગુનો કરવાનો હતો નહીં અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને ગુનાનો પસ્તાવો જણાય આવે છે. આમ, આ સંજોગોમાં આરોપીની રજુઆત ધ્યાને લેતાં, હું આરોપીને ઓછામાં ઓછી સજા કરવાનું ઉચિત માનું છું અને આરોપીને ઉપરોક્ત ગુન્હામાં તકસીરવાન ઠરાવું છું અને નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**ફો.કે.નં.૪૨૭૩૬/૨૦૨૫**

**<u>– આખરી હુકમ –</u>**

**<u>અ.</u>** આ કામના આરોપીને, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે **બી.એન.એસ. કલમ–૨૮૫,૨૯૧ તથા જી.પી.એક્ટની કલમ–૯૦(ક)** ના ગુનામાં, કબુલાત આધારે તકસીરવાન ઠરાવી રૂા.૭૦૦/– (અંકે રૂપિયા સાતસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને જો દંડ ના ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૦૮.૦૩.૨૦૨૫ ના રોજ લોક અદાલત/સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૦૮.૦૩.૨૦૨૫
વડોદરા.

**(સૌમ્યા રાય)**
ચોથા એડી જ્યુડી. મેજી.ફ.ક.,વડોદરા.
જજ કોડ – જીજે ૦૧૬૩૦